| એકમ : 05 વનવાસી , વિચરતી જાતિ અને સ્થાનિક સમુદાય | |
|---|---|
| 369 | પ્રત્યેક જનજાતિના સભ્યો કઈ પ્રથાથી એક બીજા સાથે જોડાયેલા હતા ? |
| ANS. | **કબીલાઈ પ્રથાથી જોડાયેલા હતા** |
| 370 | જનજાતિના સભ્યો પર સૌથી વધુ અસર કરતા પરિબળો કયા હતા ? |
| ANS. | **જંગલ અને પ્રકૃતિ** |
| 371 | કેટલીક જાતિઓ એક જગ્યાથી બીજી જગ્યાએ ભટકતી તે કયા નામે ઓળખાય છે ? |
| ANS. | **વિચરતી કે વિમુક્ત જાતિ તરીકે ઓળખાય છે** |
| 372 | વિચરતી કે વિમુક્ત જાતિનું જીવન કયા સ્વરૂપનું હતું ? |
| ANS. | **સામુહિક સ્વરૂપનું** |
| 373 | કઈ જાતિમાં સામુદાયિક સામાનતા જોવા મળતી હતી ? |
| ANS. | **વિચરતી કે વિમુક્ત જાતિમાં** |
| 374 | કઈ જાતિના લોકો પાસે લગભગ લેખિત દસ્તાવેજો મળતા નથી ? |
| ANS. | **જનજાતિના લોકો પાસે** |
| 375 | તેરમી અને ચૌદમી સદી દરમિયાન પંજાબમાં કઈ જાતિ મુખ્ય હતી ? |
| ANS. | **ગોખર જનજાતિ અને ગખ્ખર જનજાતિ** |
| 376 | અકબરે કોને મનસબદાર બનાવ્યા હતા ? |
| ANS. | **જનજાતિમાંથી આવનાર કમાલખા ખખ્ખરને** |
| 377 | મુઘલો પહેલા મુલતાન અને સિંધમાં કઈ જનજાતિઓનું આધિપત્ય હતું ? |
| ANS. | **લંઘા અને અર્ઘુન** |
| 378 | ભારતના ઉત્તર પશ્ચિમ ભાગમાં કઈ જનજાતિ શક્તિશાળી હતી ? |
| ANS. | **બલોચ જનજાતિ** |
| 379 | કઈ જનજાતિ વિવિધ નેતા ધરાવતા નાના-નાના કુળોમાં વિભાજીત હતી ? |
| ANS. | **બલોચ જનજાતિ** |
| 380 | પશ્ચિમ હિમાલયમાં કઈ જાતિ મુખ્ય હતી ? |
| ANS. | **ગદ્દી ગડરિયો જાતિ નામની જનજાતિ** |
| 381 | ભારતના ઉતાર પૂર્વ ભાગમાં કઈ જાતીઓનું મહત્વ હતું ? |
| ANS. | **નાગા, કુકી, મિઝો,અહોમ અને અન્ય જાતીઓનું મહત્વ હતું** |
| 382 | બારમી સદી સુધી હાલના બિહાર અને ઝારખંડના કેટલાક વિસ્તારમાં કઈ જાતિના સરદારોનું આધિપત્ય હતું ? |
| ANS. | **ચેર સરદારોનું આધિપત્ય હતું** |
| 383 | અકબરના સેનાપતિ રાજા માનસિંહે કોને પરજીત કર્યા હતા ? કયારે ? |
| ANS. | **ઈ.સ 1591માં ચેરજાતિને પરાજિત કરી હતી** |
| 384 | મુંડા અને સંથાલ જાતિઓ કયા વિસ્તારમાં જોવા મળે છે ? |
| ANS. | **ઓડીશા અને બંગાળમાં** |

| | |
|---|---|
| 385 | કર્ણાટક અને મહારાષ્ટ્રના પહાડી વિસ્તારમાં કઈ જાતિના લોકો રહેતા હતા ? |
| ANS. | **કોળી , બેરાદ અને બીજી કેટલીક જાતિઓ રેહતી હતી** |
| 386 | દક્ષીણ ભારતમાં કઈ જનજાતિઓ વસવાટ કરતી હતી ? |
| ANS. | **કોરાગા, વેતર , મારવાર અને બીજી કેટલીક જનજાતિઓ વસવાટ કરતી** |
| 387 | પશ્ચિમ અને મધ્ય ભારતમાં કઈ જાતિના લોકો ફેલાયેલા હતા ? |
| ANS. | **ભીલ જનજાતિના લોકો ફેલાયેલા હતા** |
| 388 | હાલના છતીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં કઈ જાતિના લોકોની વસ્તી વધુ છે ? |
| ANS. | **ગોંડ જાતિના લોકોની વસ્તી વધુ છે** |
| 389 | વિચરતી અને વિમુક્ત જાતિનું જીવન મોટે ભાગે શેના ઉપર નિર્ભર હતું ? |
| ANS. | **પશુપલાન** |
| 390 | બધી વિચારતી વિમુક્ત જાતિઓમાં કઈ જાતિના લોકો અગત્યના હતા ? |
| ANS. | **વણઝારા જાતિના લોકો** |
| 391 | વણઝારા જાતિના લોકોનો સમૂહ કયા નામે ઓળખાય છે ? |
| ANS. | **ટાંડા નામે ઓળખાતો** |
| 392 | અલાઉદીન ખીલજી દિલ્લીના બજારો સુધી અનાજ અને ચીજવસ્તુઓ લઇ જવા કોનો ઉપયોગ કરતો હતો ? |
| ANS. | **વણઝારા જાતિના લોકોનો** |
| 393 | અલાઉદીન ખીલજી ઉપરાંત બીજો કયો બાદશાહ વણઝારા જાતિના લોકોનો ઉપયોગ કરતો હતો ? |
| ANS. | **બાદશાહ જહાંગીર** |
| 394 | કઈ જાતિના લોકો ભારત અને વિશ્વ વચ્ચેની કડી ગણાતા હતા ? |
| ANS. | **વણઝારા** |
| 395 | કઈ જાતિના લોકો બંગડી અને સોંદર્ય - પ્રસાધનોના વેપાર સાથે જોડાયેલા હતા ? |
| ANS. | **કાંગસિયા અને મોડવા જનજાતિના લોકો** |
| 396 | ગુજરાતમાં કઈ વિચરતી જાતિઓ જોવા મળે છે ? |
| ANS. | **વણઝારા , માલધારી, નટ, બજાણીયા અને કાંગસિયા** |
| 397 | ભારતમાં કઈ જાતિને ગોંડ તરીકે ઓળખવામાં આવે છે ? ( જૂની પ્રજાતિમાની એક પ્રજાતિ ગોંડ ) |
| ANS. | **ભારતના ગોંડવાના નામના વિશાળ વન પ્રદેશમાં રહેનારી પ્રજા એટલે ગોંડ પ્રજા** |
| 398 | ગઢકટગાના ગોંડ રાજ્યમાં 70,000 જેટલા ગામડાઓનો સમાવેશ થાય છે આવું ક્યાં ગ્રંથમાં નોંધ્યું છે ? |
| ANS. | **અકબરનામા નામના ગ્રંથમાં** |
| 399 | કઈ જાતિમાં પ્રત્યેક કુળમાં એક રાજા હતો ? |
| ANS. | **ગોંડ જાતિમાં** |
| 400 | સ્થાળાંતરીત ( ઝૂમ ) ખેતી નો અર્થ જણાવો . |
| ANS. | **જંગલોમાં વૃક્ષો કાપીને સળગાવીને ત્યાં જે ખેતી થાય તેને ઝૂમ ખેતી કહેવાય છે** |
| 401 | ગોંડ જાતિમાં દરેક ગઢ કેટલા ગામોના એક સમુહમાં વહેચાયેળો હતો ? |

| | |
|---|---|
| ANS. | **દરેક ગઢ 84 ગામોના એક સમુહમાં વહેચાયળો હતો ( ચોર્યાસી તરીકે ઓળખતા )** |
| 402 | કયા ગોંડ રાજાએ સંગ્રામશાહની પડવી ધારણ કરી હતી ? |
| ANS. | **ગોંડ રાજા અમનદાસે** |
| 403 | **ગોંડ રાજા અમનદાસના પુત્ર દલપતે  કોની સાથે લગ્ન કર્યા હતા ?** |
| ANS. | **મહોબાના ચંદેલ રાજપૂત રાજાની પુત્રી રાજકુમારી દુર્ગાવતી સાથે લગ્ન કર્યા હતા ?** |
| 404 | કયા રાજ્યએ હાથીના વેપાર દ્વારા પુષ્કળ ધન કમાયું હતું ? |
| ANS. | **ગઢકટંગા** |
| 405 | કઈ જાતિના લોકો તેરમી સદીમાં મ્યાનમારથી આવી અસમની બ્રહ્મપુત્ર નદીના ખીણવિસ્તારમાં વસ્યા હતા ? |
| ANS. | **અહોમ જાતિના લોકો** |
| 406 | અહોમ જાતિના લોકો કઈ સદીમાં મ્યાનમારથી આવી અસમની બ્રહ્મપુત્ર નદીના ખીણવિસ્તારમાં વસ્યા હતા ? |
| ANS. | **તેરમી સદીમાં** |
| 407 | કઈ જાતિના લોકોએ ભુઇયા ( ભુસ્વામી/જમીનદાર )ની જૂની રાજકીય વ્યવસ્થા બદલી નવા રાજ્યની સ્થાપના કરી ? |
| ANS. | **અહોમ જાતિના લોકોએ** |
| 408 | વિશાળ અહોમ રાજ્યની સ્થાપના કઈ રીતે કરવામાં આવી ? |
| ANS. | **સોળમી સદીમાં ચુટિયો અને કોચ-હાજો રાજ્યોને પોતાના રાજ્યમાં ભેળવીને** |
| 409 | અહોમ જાતિના લોકો કઈ સદીમાં દારૂગોળો અને તોપોનું નિર્માણ કરવાની શરૂઆત કરી ? |
| ANS. | **સત્તરમી સદીમાં ( 17મી સદીમાં )** |
| 410 | અહોમ જાતિના લોકો ક્યારે અને કોની સામે હાર્યા ? |
| ANS. | **ઈ.સ 1662માં મીર જુમલાના નેતૃત્વ હેઠળની મુઘલ સેના સામે** |
| 411 | કયું રાજ્ય બળજબરીપૂર્વકના શ્રમ પર આધારિત હતું ? |
| ANS. | **અહોમ રાજ્ય** |
| 412 | જે લોકો પાસે રાજ્ય માટે બળજબરીથી કામ કરાવાતું તે કયા નામે ઓળખાતા ? |
| ANS. | **પાઈક નામે ઓળખાતા** |
| 413 | વહીવટી વ્યવસ્થા કયા સમયગાળામાં કેન્દ્રીયકૃત બની ? |
| ANS. | **સત્તરમી સદીના પ્રથમ દશકામાં** |
| 414 | કઈ જાતિના લોકોએ ચોખાની ખેતીની નવીન પદ્ધતિઓ અમલમાં મૂકી હતી ? |
| ANS. | **અહોમ જાતિના લોકોએ** |
| 415 | અહોમ રાજ્યના કુળને કયા નામે ઓળખવામ આવતું હતું ? |
| ANS. | **ખેલ નામે ઓળખવામાં આવતું હતું** |
| 416 | શરૂઆતમાં અહોમ જાતિના લોકો કોની ઉપાસના કરતા હતા ? |
| ANS. | **જનજાતીય દેવતાઓની ઉપાસના કરતા** |
| 417 | કયા રાજાના સમયમાં હિંદુ ધર્મ મુખ્ય ધર્મ બનીગયો હતો ? |
| ANS. | **સિબસિંહ રાજાના સમયમાં** |

| | |
|---|---|
| 418 | કયો સમાજ અત્યંત સુસંસ્કૃત સમાજ હતો ? |
| ANS. | **અહોમ સમાજ** |
| 419 | કઈ ઐતિહાસિક કૃતિને અહોમ ભાષામાં અને આસામી ભાષામાં લખવામાં આવી હતી ? |
| ANS. | **બુરંજી** |
| 420 | ડાંગ દરબાર ગુજરાતમાં ક્યા ભરાય છે ? |
| ANS. | **ડાંગમાં / પ્રતિ વર્ષ ભરાય છે** |
| 421 | ડાંગ દરબાર ગુજરાતમાં ક્યા સમયગાળા દરમિયાન ભરાવાની શરુઆત થઇ ? |
| ANS. | **હોળીના તહેવાર દરમિયાન** |
| 422 | સરકારે ડાંગના રાજાઓને તેમના હકના બદલામાં શું આપવાનું નક્કી કર્યું ? |
| ANS. | **વંશપરંપરાગત સાલિયાણું** |
| 423 | વર્ષાસન શબ્દ કોની સાથે જોડાયેલો છે ? |
| ANS. | **ડાંગ દરબાર** |

## આટલું યાદ રાખો

| | |
|---|---|
| 1 | **તેરમી અને ચૌદમી સદી દરમિયાન પંજાબમાં કઈ જાતિ મુખ્ય હતી ? ગોખર જનજાતિ અને ગખ્ખર જનજાતિ** |
| 2 | **અકબરે કોને મનસબદાર બનાવ્યા હતા ? જનજાતિમાંથી આવનાર કમાલખા ખખ્ખરને** |
| 3 | **મુઘલો પહેલા મુલતાન અને સિંધમાં કઈ જનજાતિઓનું આધિપત્ય હતું ? લંઘા અને અર્ઘુન** |
| 4 | **ભારતના ઉત્તર પશ્ચિમ ભાગમાં કઈ જનજાતિ શક્તિશાળી હતી ? બલોચ જનજાતિ** |
| 5 | **કઈ જનજાતિ વિવિધ નેતા ધરાવતા નાના-નાના કુળોમાં વિભાજીત હતી ? બલોચ જનજાતિ** |
| 6 | **પશ્ચિમ હિમાલયમાં કઈ જાતિ મુખ્ય હતી ? ગડ્ડી ગડરિયો જાતિ નામની જનજાતિ** |
| 7 | **મુંડા અને સંથાલ જાતિઓ કયા વિસ્તારમાં જોવા મળે છે ? ઓડીશા અને બંગાળમાં** |
| 8 | **અલાઉદીન ખીલજી દિલ્લીના બજારો સુધી અનાજ અને ચીજવસ્તુઓ લઇ જવા કોનો ઉપયોગ કરતો હતો ?** |
| 9 | **વણઝારા જાતિના લોકોનો** |
| 10 | **કઈ જાતિના લોકો બંગડી અને સૌંદર્ય - પ્રસાધનોના વેપાર સાથે જોડાયેલા હતા ? કાંગસિયા અને મોડવા** |
| 11 | **કયા ગોંડ રાજાએ સંગ્રામશાહની પદવી ધારણ કરી હતી ? ગોંડ રાજા અમનદાસે** |
| 12 | **જે લોકો પાસે રાજ્ય માટે બળજબરીથી કામ કરાવાતું તે કયા નામે ઓળખાતા ? પાઇક નામે ઓળખાતા** |
| 13 | **કઈ જાતિના લોકોએ ચોખાની ખેતીની નવીન પદ્ધતિઓ અમલમાં મૂકી હતી ? અહોમ જાતિના લોકોએ** |
| 14 | **શરૂઆતમાં અહોમ જાતિના લોકો કોની ઉપાસના કરતા હતા ? જનજાતીય દેવતાઓની ઉપાસના કરતા** |
| 15 | **સરકારે ડાંગના રાજાઓને તેમના હકના બદલામાં શું આપવાનું નક્કી કર્યું ? વંશપરંપરાગત સાલિયાણું** |
| 16 | **વર્ષાસન શબ્દ કોની સાથે જોડાયેલો છે ? ડાંગ દરબાર** |